આજના આ વિધેયકને રજુ કરવામાં સમર્થન આપનાર ગૃહના આદરણીય સદસ્યશ્રીઓ,

૧. શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

૨. શ્રી ઉદય કાનગડ

૩. શ્રી સી. કે. રાઉલજી

૪. શ્રી વિનોદભાઇ મોરડીયા

૫. શ્રી કેશુભાઇ પટેલ

નો હું આ ઐતિહાસિક બિલ રજુ કરવામાં સમર્થન આપવા બદલ ખરા હૃદયપૂર્વક આભાર માનુ છુ. સદનના માન.અધ્યક્ષશ્રીને પુન: આ બીલ વિશે જણાવતા આનંદની લાગણી અનુભવુ છુ કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીના દર્શાવેલા પથ પર અમારી સરકાર રાજ્યની સખાવતી પ્રવૃતિઓ તેમજ સામાજીક, શૈક્ષણીક તેમજ સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપતા આ બીલને જનતા જનાર્દનના ખુબ આશીર્વાદ પ્રાપ્ત થશે.

કારણ કે, આ વિધેયક માત્ર વહીવટી સુધારણા માટેનું નથી પરંતુ આપણી પરોપકારી સંસ્કૃતિને પ્રોત્સાહિત કરતું અમારી સરકારનું એક અગત્યનું પગલું છે. આ બીલ થકી સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા લોકો અને સંસ્થાઓને પડતી મુશકેલીઓને દુર કરવાનો અમારો પ્રામાણીક પ્રયાસ છે. મારૂ સદભાગ્ય છે કે, આવુ પુણ્યશાળી કાર્ય કરવા માટે હું નિમિત રૂપ બન્યો છું જે બદલ રાજ્યના મક્કમ અને લોકપ્રીય માન.મુખ્યમંત્રીશ્રી

ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છુ અને સાથોસાથ સભાના તમામ ઉપસ્થિત માન.સદસ્યશ્રીઓને પરોપકારી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા અર્થે રજુ થયેલ આ સુધારા વિધેયકને સર્વાનુમતે મંજુર કરવા આગ્રહભરી વિનંતી કરૂ છું.

જય હિન્દ.